MACEX NO. 11/2025

**આંક – ૧ નીચે હુકમ :–**

૧. સદર કામે અરજદાર ધ્વારા આંક – ૧૪ થી અરજી આપી આ કામે દેણદારને સીવીલ જેલમાં બેસાડવા માટેની અરજી આપેલ. જે કામે આંક – ૧૪ નીચે હુકમ કરી સીવીલ જેલ ખાતે રાખવા માટેનુ ભથ્થુ ભર્યેથી દેણદારને એક માસ માટે સીવીલ જેલમાં બેસાડવાનો હુકમ કરવામાં આવેલ જે મુજબ આંક – ૧૫ થી ભથ્થાની રકમ ભરતા દેણદારને એક માસ માટે સીવીલ જેલમાં બેસાડવાનો હુકમ કરવામાં આવેલ.

૨. ત્યારબાદ આંક – ૧૬ થી અરજદાર ધ્વારા વધુ સીવીલ જેલ ખાતે દેણદારને રાખવા માટે નાણા ભરવા માટેની અરજી આપતા સદર કામે આંક – ૧૬ નીચે હુકમ કરી દેણદારને વધુ ર માસ માટે સીવીલ જેલમાં રાખવાનો હુકમ કરવામાં આવેલ. જે મુજબ દેણદારા ધ્વારા તમામ કુલ – ૩ માસ માટેની સીવીલ જેલ માટેની કરવામાં આવેલ સજા અનુસંધાને તેઓએ સજા પૂર્ણ કરતા તા.૧૪.૦૮.૨૦૨૫ ના રોજ ત્રણ માસ માટેની સજા પૂર્ણ કરતા અત્રેની અદાલત ધ્વારા તેઓને આંક – ૧ નીચે હુકમ કરી જેલ મુકત કરવાનો હુકમ કરેલ.

૩. ત્યારબાદ આ કામે અરજદાર ધ્વારા આંક – ૧૮ થી અરજી આપી એમ.વી.એકટની કલમ – ૧૭૪ મુજબની નાણાની વસુલાત મેળવવ માટે રેવન્યુ રાહે કલેકટર શ્રી આણંદનાઓને ઉદેશીને પ્રમાણપત્ર કાઢી આપવા માટે અરજી કરેલ. જે અત્રેની અદાલત ધ્વારા નામંજુર કરવામાં આવેલ હતી.

૪. હાલ દેણદાર ધ્વારા ત્રણ માસની સીવીલની સજા ભોગવી નાખેલ છે. તેવા સંજોગોમાં હાલની દરખાસ્ત ચાલુ રાખવી યોગ્ય અને ન્યાયોચીત જણાઈ આવતુ ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ :–**

૧. અરજદારની હાલની દરખાસ્ત ઉપરોકતક જણાવેલ કારણો અનુસાર ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ ૦૭ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૦૭.૦૩.૨૦૨૬ (ઝેડ.વી.ત્રીવેદી)

સ્થળ : પેટલાદ ત્રીજા એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ,

પેટલાદ.